અપીલ અરજી નં.૨૫૩ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૭–૮–૦૯ નીઅરજીથી વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ આ નામની અરજી તા.૧૯–૧૦–૦૬ ના રોજ કરેલ છે. અપીલ અરજી નં.૬૭ તા.૧૨–૬–૦૯/૧૦ ની ફરીયાદની હકીકત પત્રમાં વિજયકુમાર વિઠ્ઠલદાસ પાટીલ આ નામવાળો પત્ર અમોને મળેલ છે. વરાછાઝોનનાં જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ અરજદારનું નામ બદલી શકે એવું માહિતી અધિકારનાં કયાં કાયદામાં જોગવાઈ છે. તેની માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૩/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૭–૮–૦૯ ની અરજીથી વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ આ નામની અરજી તા.૧૯–૧૦–૦૬ ના રોજ કરેલ છે. અપીલ અરજી નં.૬૭ તા.૧૨–૬–૦૯/૧૦ ની ફરીયાદની હકીકત પત્રમાં વિજયકુમાર વિઠ્ઠલદાસ પાટીલ આ નામવાળો પત્ર અમોને મળેલ છે. વરાછાઝોનનાં જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ અરજદારનું નામ બદલી શકે એવું માહિતી અધિકારનાં કયાં કાયદામાં જોગવાઈ છે. તેની માહિતીઆપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૩૪ તા.૧૯/૯/૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૭તા.૧૩–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને દિન–૨૦ ના વિલંબથી અપીલ કરેલ છે. જે અંગે વિલંબના કારણો, વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૪ તા.૧૯–૯–૦૯ થી મુળ અરજીની નકલ, તા.૧૯–૯–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ આ નામની અરજી તા.૧૯–૧૦–૦૬ ના રોજ કરેલ છે. અપીલ અરજી નં.૬૭ તા.૧૨–૬–૦૯/૧૦ ની ફરીયાદની હકીકત પત્રમાં વિજયકુમાર વિઠ્ઠલદાસ પાટીલ આ નામવાળો પત્ર અમોને મળેલ છે. વરાછાઝોનનાં જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ અરજદારનું નામ બદલી શકે એવું માહિતી અધિકારનાં કયાં કાયદામાં જોગવાઈ છે. તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ અરજી નં.૬૭ તા.૧૨–૬–૦૯/૧૦ ના ફરીયાદના હકીકતના પત્રમાં વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલના નામની અરજીની નોંધ રજીસ્ટરના ઈન્વર્ડ નં.૨૦૩ સીટી સીવીક નં.૨૪૦૨૬ ટેના નં.૧૮એફ–૯૧–૪૧૦૧–૦–૧૯૫ વાળી નકલ આપવામાં આવેલ છે. જેમાં વરાછાઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારનું નામ બદલવામાં આવેલ નથી જેની નકલ આ સાથે સામેલ છે. એવું જણાવવામાં આવેલ છે. જયારે અરજદારે અપીલ અરજીમાં વરાછાઝોનના માહિતી અધિકારી અરજદારનું નામ બદલી શકે, માહિતી અધિકારના કયા કાયદામાં જોગવાઈ છે? એવું અપીલ અરજીમાં જણાવેલ. અરજદારે વિલંબિત અપીલનું કોઈ વાજબીપણું તક આપવા છતાં રજૂ કરેલ નથી. જે ધ્યાને લેતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ પ્રથમદર્શી રીતે ગ્રાહય રાખવા જોગ ઠરે નહી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે .

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,